# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-06-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Thursday** **National News**

### આકાશવાણી સમાચાર સંસ્કૃતિ ભૂંડિયા વાંચે છે.

*************************************************

- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે સંસદના સંયુક્ત ગૃહોની બેઠકને સંબોધન કર્યું..
- ✓ કેન્દ્ર સરકાર સ્પર્ધાત્મક પરીક્ષાના પેપર ફૂટવાના તાજેતરના બનાવોની ન્યાયી તપાસ માટે પ્રતિબધ્ધ હોવાનું જણાવતાં રાષ્ટ્રપતિ..
- ✓ સીબીઆઇએ નીટ-યુજી પરિક્ષામાં કથિત ગેરરિતીનાં કેસમાં બે વ્યક્તિઓની ધરપકડ કરી.
- ✓ નૈઋત્ય ચોમાસુ ગુજરાત નજીકના ઉત્તર અરબી સમુદ્ર, રાજસ્થાનના ઘણા વિસ્તારો અને મધ્ય અને ઉત્તર ભારતના કેટલાક વિસ્તારોમાં આગળ વધ્યું.
- ✓ જમ્મુ કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહાએ આજે કાશ્મીરના પહલગામમાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં અમરનાથ યાત્રાની પૂર્વ તૈયારીની સમીક્ષા કરી..
- ✓ વીસ ઓવરની વિશ્વકપ ક્રિકેટ સ્પર્ધાની આજે રમાનારી બીજી સેમીફાઇનલમાં ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે મુકાબલો થશે.

*********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PRESIDENT-ADDRESS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે સંસદના સંયુક્ત ગૃહોની બેઠકને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે સ્પર્ધાત્મક પરીક્ષાના પેપર ફૂટવાના તાજેતરના બનાવોની ન્યાયી તપાસ માટે પ્રતિબધ્ધ છે.

તેમણે કહ્યું કે, સમગ્ર દેશમાં આ પ્રકારના બનાવો ન બને તે માટે નક્કર પગલાં લેવા અને આ બનાવો સંદર્ભે પક્ષીય રાજકારણથી દૂર રહેવાની જરૂર છે. તેમણે કહ્યું કે, કેન્દ્ર સરકાર યુવાનો પોતાના સપનાને સાકાર કરી શકે તે માટે સાનુકૂળ વાતાવરણ તૈયાર કરવા પ્રયાસો કરી રહી છે. તેમણે વધુમાં જણાવ્યું કે,

## (બાઇટ- રાષ્ટ્રપતિ)

રાષ્ટ્રપતિએ વધુમાં કહ્યું કે, તાજેતરની લોકસભાની ચૂંટણીમાં જમ્મુ અને કાશ્મીરના નાગરિકોએ મોટી સંખ્યામાં મતદાન કરીને દેશના દુશ્મનોને યોગ્ય જવાબ આપ્યો છે. તેમણે કહ્યું કે, કૃષિ, ડેરી અને પશુપાલન આધારિત ઉદ્યોગોનું ગ્રામીણ વિસ્તારોમાં વિસ્તરણ કરવાને કેન્દ્ર સરકાર ટોચની અગ્રતા આપશે.

આશરે એકાદ કલાક સુધી ચાલેલા તેમના સંબોધનમાં સુશ્રી મુર્મુએ કેન્દ્ર સરકાર દ્વારા માળખાકીય સુવિધાઓના વિકાસ માટે હાથ ધરાયેલી પહેલોની તેમજ ઇશાન ભારતના વિકાસ માટે કરાયેલા પ્રયાસોની વિગતો આપી હતી. રાષ્ટ્રપતિએ કહ્યું કે, આગામી પહેલી જુલાઇથી અમલમાં આવેલી ભારતીય ન્યાય સંહિતાને કારણે બંધારણની ભાવનાને અનુરૂપ સજાના સ્થાને ન્યાયને અગ્રતા મળશે.

અમારા સંવાદદાતા જણાવે છે કે, રાષ્ટ્રપતિના સંબોધન દરમિયાન વિપક્ષના કેટલાક સાંસદોએ નીટ પરીક્ષા, મણિપુરમાં હિંસા સહિતના કેટલાક મુદ્દાઓ અંગે સૂત્રોચ્ચાર કર્યા હતા...

# REV. PAR-PROCEEDING

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સંસદના સંયુક્ત સત્રને સંબોધન કર્યા બાદ લોકસભાની બેઠક મળી ત્યારે રાષ્ટ્રપતિના સંબોધનની પ્રત આજે ગૃહમાં રજૂ કરાઇ હતી. આ પ્રસંગે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી લોકસભામાં વિપક્ષના નેતા તરીકે માન્યતા અપાઇ હોવાની જાહેરાત કરી હતી. ત્યારબાદ, ગૃહની બેઠક મુલતવી રખાઇ હતી.

રાજ્યસભામાં પણ રાષ્ટ્રપતિના સંબોધનની પ્રત આજે ગૃહમાં રજૂ કરાઇ હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યસભાના સાંસદોને નવા મંત્રીમંડળના સભ્યોનો પરિચય કરાવ્યો હતો. સભાપતિ જગદીપ ધનખડે કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાની ગૃહના નેતા તરીકે જાહેરાત કરી હતી. ત્યારબાદ, ગૃહની બેઠક મુલતવી રખાઇ હતી.

# NEW OATH- MPs

બિહાર, ઝારખંડ અને મધ્યપ્રદેશના નવા ચૂંટાયેલા છ સભ્યોએ આજે રાજ્યસભાના સભ્ય તરીકે શપથ લીધા છે. સભાપતિ જગદિપ ધનખડે નવા સાંસદોને શપથ લેવડાવી હતી. જેમાં કોંગ્રેસના અખિલેશ પ્રસાદ સિંહ, જેએમએમના  સરફરાઝ એહમદ અને પ્રદીપકુમાર વર્મા

તેમજ ભાજપના બંસીલાલ ગુર્જર, માયા નરોલિયા  અને બાલયોગી ઉમેશનાથનો સમાવેશ થયા છે.

# CBI- NEET ARREST

કેન્દ્રીય તપાસ સંસ્થા-સીબીઆઇએ નીટ-યુજી પરિક્ષામાં કથિત ગેરરિતીનાં કેસમાં બે વ્યક્તિઓની ધરપકડ કરી છે. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે, બિહારના પટણા ખાતેથી બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે. નીટ-યુજીનું પ્રશ્નપત્ર ફુટવાનાં કેસમાં ઔપચારિક રીતે તપાસ પોતાને હસ્તક લેનાર સીબીઆઇએ સોમવારે બિહાર પોલિસની આર્થિક ગુના પાંખની મુલાકાત લીધી હતી અને આ સંદર્ભમાં તપાસ શરૂ કરી હતી.

# MONSOON

નૈઋત્ય ચોમાસુ હવે ગુજરાત નજીકના ઉત્તર અરબી સમુદ્ર, રાજસ્થાનના ધણા વિસ્તારો અને પશ્ચિમ ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના કેટલાક વિસ્તારોમાં આગળ વધ્યું છે. હવામાન વિભાગની યાદીમાં જણાવ્યું છે કે, નૈઋત્ય ચોમાસુ રાજસ્થાન અને મધ્યપ્રદેશના બાકીના વિસ્તારોમાં તેમજ પશ્ચિમ બંગાળ અને ઝારખંડમાં આગામી બે-ત્રણ દિવસમાં આગળ વધે તેવા અનુકૂળ સંજોગો ઉભા થયા છે.

દરમિયાન, દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં આજે થયેલા ચોમાસા પૂર્વેના વરસાદથી નાગરિકોને ગરમી અને બફારાથી રાહત મળી છે.

# J&K-REVIEW MEETING

જમ્મુ કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહાએ આજે કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહલગામ ખાતે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં અમરનાથ યાત્રાની પૂર્વ તૈયારીની સમીક્ષા કરી હતી, જેમાં ઉપરાજ્યપાલે યાત્રાનાં માર્ગમાં પોલિસ અને સલામતી દળના જવાનો અને તબીબોની વ્યવસ્થા અંગે માહિતી મેળવી હતી.

બેઠકમાં જણાવવામાં આવ્યું હતું કે, સલામત અને સરળ યાત્રા માટેની સુવિધામાં નોંધપાત્ર સુધારો થયો છે. બાદમાં તેમણે પહલગામ ખાતેનાં નુવાન બેઝ કેમ્પ ખાતે યાત્રીઓ માટેની સુવિધા અંગે જાણકારી મેળવી હતી. ઉલ્લેખનીય છે કે અમરનાથ યાત્રાનો આ શનિવારથી પ્રારંભ થઈ રહ્યો છે.

# CRICKET I.C.C.

વીસ ઓવરની વિશ્વકપ ક્રિકેટ સ્પર્ધાની આજે રમાનારી બીજી સેમિફાઇનલમાં ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે મુકાબલો થશે. આ મેચ ભારતીય સમય મુજબ, આજે રાતના 8 વાગ્યાથી રમાશે. હમણાં જ મળતા સમાચાર મુજબ, વરસાદને કારણે મેચ વિલંબથી શરૂ થવાની સંભાવના છે.

દરમિયાન, વિશ્વકપની ત્રિનિદાદ ખાતે આજે રમાયેલી પહેલી સેમિફાઈનલ મેચમાં દક્ષિણ આફ્રિકાએ અફઘાનિસ્તાનને નવ વિકેટે હરાવી ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. પહેલા બેટિંગ કરતા અફઘાનિસ્તાનની ટીમ 11.5 ઑવરમાં માત્ર 56 રન બનાવી ઑલઆઉટ થઈ ગઈ હતી.

અફઘાનિસ્તાનના એકમાત્ર ખેલાડી અઝમતુલ્લાહ ઓમરઝાઈ 10 રન નોંધાવી શક્યા હતા.. આ સિવાયના અન્ય એક પણ ખેલાડી નવ રનથી વધુ રન ન બનાવી શક્યા. દક્ષિણ આફ્રિકાના તબરેઝ શામસી અને માર્કો જન્સેને ત્રણ-ત્રણ, કાગીસો રબાડા અને એનરીચ નોર્તજે બે-બે વિકેટ લીધી હતી. જવાબમાં દક્ષિણ આફ્રિકાના રીઝા હેન્ડ્રીક્સે અણનમ 29 અને એડન માર્ક્રમે અણનમ 23 રન બનાવી દક્ષિણ આફ્રિકાને વિજય અપાવ્યો હતો.

# OM BIRLA- OPPOSITION MEET

સંસદમાં વિપક્ષના અગ્રણીઓએ આજે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા સાથે સંસદ ભવનમાં આવેલી શ્રી બિરલાની ચેમ્બરમાં વાતચીત કરી હતી. વિપક્ષના આ અગ્રણીઓમાં લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, ટીએમસીના કલ્યાણ બેનર્જી, એનસીપીના સુપ્રિયા સુલે, સમાજવાદી પાર્ટીના ડિમ્પલ યાદવ, આરજેડીના મીસા ભારતી અને અન્ય અગ્રણીઓનો સમાવેશ થાય છે...

# MURUGAN- SENGOL

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી એલ. મુરુગને સમાજવાદી પક્ષના સાંસદ આર. કે. ચૌધરીએ સેંગોલ અંગે કરેલી ટિપ્પણીને વખોડી કાઢી છે. આજે દિલ્હીમાં પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી મુરુગને જણાવ્યું હતું કે, સેંગોલ એ બધા માટે ન્યાયનું પ્રતીક છે. સેંગોલ સમાન અને ન્યાયી સરકાર દર્શાવે છે. તેમણે આક્ષેપ કર્યો કે, સમગ્ર વિપક્ષમાં સેંગોલ પ્રત્યે સન્માનની ભાવના નથી અને તેમનું આ વલણ વખોડવા લાયક છે.

# PM-JDU-MPs

બિહારના જનતા દળ યુનાઇટેડના સાંસદોએ આજે સંસદભવનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળીને વાતચીત કરી હતી. સોશિયલ મીડીયામાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ભાજપ અને જનતા દળ યુનાઇટેડ પક્ષો ઘણા સમયથી સાથે મળીને કામ કરી રહ્યા છે તેમજ બિહારમાં ભ્રષ્ટાચાર સહિત વિવિધ મુદ્દે સાથે મળીને લડત આપી રહ્યા છે. શ્રી મોદીએ કહ્યું કે, બિહારમાં મુખ્યમંત્રી નિતીશ કુમારે રાજ્યને પ્રગતિના પંથે આગળ વધાર્યું છે.

# KARNATAKA-ISRO-ENCROACHMENT

કર્ણાટકમાં વન વિસ્તારની ભૂમિ પર થતાં દબાણને રોકવા અને વનીકરણની પ્રક્રિયા ઉપર દેખરેખ રાખવા ઇસરોના પૃથ્વી નિરિક્ષણ ઉપગ્રહ સેવાનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો છે. કર્ણાટકના વનમંત્રી ઇશ્વર ખ્રાન્દેએ આજે બેંગલુરુમાં વરિષ્ઠ અધિકારીઓ સાથેની બેઠકમાં આ મુજબ જણાવ્યું હતું... તેમણએ કહ્યું કે, કર્ણાટક રાજ્ય દૂર સંવેદન ઉપયોગ કેન્દ્ર દ્વારા રાજ્યના વન વિસ્તારની માહિતી એકઠી કરવામાં આવી છે. રાષ્ટ્રીય દૂર સંવેદન ઉપયોગ કેન્દ્ર વન વિસ્તારમાં લાગતી આગ અને અન્ય પરિવર્તનોનું ચોક્કસ સ્થળ અંગે માહિતી આપી શકે છે.

# TRILATERAL-EXERCISE

દક્ષિણ કોરિયા નજીકના જેજુ ટાપુ ખાતેના દરિયામાં દક્ષિણ કોરિયા, અમેરિકા અને જાપાનની સેનાઓની ફ્રિડમ એજ નામની ત્રણ દિવસીય સંયુક્ત કવાયતનો આજે આરંભ થયો છે. ઉત્તર કોરિયા અને

રશિયાના સંબંધો મજબૂત બનવાથી આ વિસ્તારમાં ઉભા થયેલા ખતરાના સંદર્ભમાં તેમજ સંરક્ષણ ક્ષેત્રનો સહકાર વધારવા માટે આ સંયુક્ત કવાયતો યોજાઇ રહી છે. આ કવાયતમાં બેલેસ્ટીક મિસાઇલ, સબમરિનોનું યુધ્ધ, દરિયામાં શોધ અને બચાવ કામગીરી જેવા ક્ષેત્રોને કેન્દ્રમાં રખાશે...

ઉલ્લેખનીય છે કે, ઉત્તર કોરિયાના વડા કિમ જોંગ ઉન અને રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન વચ્ચે ઉત્તર કોરિયામાં યોજાયેલી શિખર બેઠકમાં બંને અગ્રણીઓએ સંરક્ષણ ક્ષેત્રે સર્વગ્રાહી વ્યૂહાત્મક ભાગીદારી વધારવા અંગેની સંધી ઉપર હસ્તાક્ષર કર્યા હતા...